# ચાલો, દિવ્યાંગ મતદારો માટે સુગમ બનાવીએ મતદાન
# પોલિંગ કર્મચારીઓ માટે માર્ગદર્શિકા
# 'શું કરવું અને શું ન કરવું'



ચાર કલર પોસ્ટર્સ પણ આપવામાં આવ્યા છે,
જે પોલિંગ બુથની અંદર, મત કુટિરની પાછળ તથા સબંધિત પોલિંગ કર્મચારીઓની પાછળની દીવાલ પર લગાવવા.

## દિવ્યાંગ મતદારોની સક્ષમતાના પંથે


૨૦૧૭
મુખ્ય નિર્વાચિન અધિકારી, ગુજરાત
ગાંધીનગર.

વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતની કુલ વસ્તીમાં દિવ્યાંગજનોની સંખ્યા ૨.૨૧% છે. જો કે ઘણા લોકો મને છે કે વાસ્તવિક આંકડો આનાથી ઘણો વધારે હોઇ શકે છે.

પરંપરાગત રીતે, મતદાનમાંથી દિવ્યાંગજનોના બાકાત રહી જવા માટે  અક્ષમતાને કારણરૂપ ગણવામાં આવતું હતું. પરંતુ હવે અપૂરતી સુવિધાને કારણરૂપ ગણવામાં આવે છે અને તેથી જ બુથ પર કામ કરતા કર્મચારીઓની ભૂમિકા ખુબ અગત્યની બની જાય છે.

દિવ્યાંગ મતદારોને પણ મત આપવાનો તેટલો જ અધિકાર છે જેટલો અધિકાર અન્ય મતદારોને છે. પોલીંગ બુથ પર, તેઓ કોઇપણ પ્રકારની તકલીફ વગર પોતાનો મત આપી શકે તે સુનિશ્ચિત કરવું એ આપણી જવાબદારી બની જાય છે.

અપૂરતી સુવિધાઓ સિવાય, લોકોનું તેમના (દિવ્યાંગ મતદારો) તરફનું ઉદાસીન વલણ પણ તેમના બાકાત રહી જવા માટે કારણરૂપ છે.

તમારું વર્તન તેઓ માટે મદદરૂપ અને સહયોગાત્મક હોય તેની કાળજી રાખો.

તેઓ મત આપી શકે તે માટે જરૂરી સંપૂર્ણ સુવિધા અને મદદ પોલિંગ પાર્ટી તરફથી આપવી.

દિવ્યાંગ મતદારોનું જૂથ વિવિધતાઓથી ભરેલું છે અને તેમની જરૂરિયાતો પણ વિવિધ પ્રકારની હોય છે. મતદાનની પ્રક્રિયા દરમ્યાન તમે મોટાભાગે નીચે પ્રમાણેની અક્ષમતા ધરાવતા દિવ્યાંગ મતદારોના સંપર્કમાં આવી શકો, જેમ કે :

- ઓર્થોપીડીક (હાડકાને લગતી)
- દ્રષ્ટિને લગતી
- બોલવા અથવા સાંભળવાને લગતી (મૂક બધિર)
- અન્ય

થોડા ઉદાહરણો: ખાતરી કરો કે તમે નીચે દર્શાવેલ પરિસ્થિતીઓને પહોંચી વળવા સક્ષમ છો

- વ્હીલચેર ઉપર બેઠેલ વ્યકિત રેમ્પ દ્વારા પોલિંગ રૂમ સુધી તો પહોંચી જાય છે પણ તે રૂમના દરવાજાની વચ્ચે લાગેલા સ્તંભને કારણે રૂમમાં પ્રવેશ કરી શકતો નથી.
- શ્રવણમાં ખામી ધરાવતા (બધિર) વ્યકિતને મત આપવા માટે મદદની જરૂર પડે છે.
- સ્પષ્ટ બોલવામાં ખામી ધરાવતો વ્યકિત તમારી પાસેથી મદદ માટે તમને કંઇ પૂછે છે જે તમે સમજી નથી શકતા.
- દ્રષ્ટિહીન અથવા નબળી દ્રષ્ટિ ધરાવતા વ્યકિતને મત આપવા માટે તમારી મદદની જરુર પડે છે.
- અસ્વસ્થ/નબળી વ્યકિત મત આપવા માટે ઇ.વી.એમ. મશીનનું બટન દબાવી શકતા નથી.

## શું કરવું?

૧. મતદાન માટે અગ્રીમતા આપો. દિવ્યાંગજનોને રાહ ના જોવડાવો. દિવ્યાંગજનોને બીજા મતદારોની સાથે લાઇનમાં ઉભા રાખવાને બદલે તેઓને પ્રાથમિકતાના ધોરણે જેટલા બને તેટલા જલ્દી મતદાન માટે અંદર પ્રવેશ અપાવો.

૨. દિવ્યાંગજનો પ્રત્યે નમ્ર અને આદરપૂર્વક વ્યવહાર દાખવો.

૩. નીચે દર્શાવ્યા પ્રમાણે Conduct of Election Rules, ૧૯૬૧ ના Rule 49N “Recroding of votes of blind ro infirm electros” દ્રષ્ટિહીન તથા અસ્વસ્થ મતદારોને મતદાન માટે સાથીદારની સાથે અંદર જવાની જોગવાઇ આપે છે:

- જો પ્રીસાઈડીગ ઓફિસરને ખાતરી કર્યા પછી સંતોષ થાય કે દ્રષ્ટિહીનતા અથવા તો અન્ય શારીરિક અક્ષમતા ધરાવતા દિવ્યાંગજન ખરેખર જ બીજાની મદદ વિના મશીન પરના બેલેટ યુનિટ પરના ચિહનને ઓળખી શકવા સમર્થ નથી અથવા મત  આપવા માટેના યોગ્ય બટનને દબાવી નહિ શકે તો પ્રીસાઈડીગ ઓફિસર તેવા દિવ્યાંગ મતદારને પોતાની સાથે સાથીદાર, કે જેની ઉમર ૧૮ વર્ષથી ઓછી ના હોય, તેને મતકુટિર સુધી લઈ જવા માટે પરવાનગી આપે શકે છે અને તેના વતી અને તેની (દિવ્યાંગ મતદારની) ઇચ્છા મુજબનો મત સાથીદારની મદદથી આપી શકે છે.

- એ શરત સાથે કે કોઇ પણ વ્યકિત એક જ દિવસમાં એક કરતા વધારે દિવ્યાંગજનના સાથીદાર તરીકે મત આપવા માટે જઇ શકે નહિ.

- વધુમાં એ શરત સાથે કે સાથીદાર તરીકે જનાર વ્યકિતએ દિવ્યાંગજન સાથે મત આપવા માટે જતા પહેલા જ ખાત્રી આપવી પડશે કે તેણે કોને મત આપ્યો છે તેની સંપૂર્ણ માહિતી ગુપ્ત રાખશે તેમ જ તેણે તે પણ ખાત્રી આપવાની રહેશે કે તેણે તે દિવસે અન્ય કોઇ પણ મતદાન મથકમાં અન્ય કોઇ પણ દિવ્યાંગજન વતી મત આપેલ નથી.

- પ્રિસાઈડીગ ઓફિસરે આવા દરેક કેસની વિગત ફોર્મ નં. ૧૪-એ મા નોંધી રાખવાની રહેશે.

૪. સાનુકૂળ પહોંચ માટે મતદાન રૂમની વ્યવસ્થા

- વ્હીલચેર પર આવનાર દિવ્યાંગજન માટે કોઇ પણ પ્રકારની મુશ્કેલી વિના મતકુટિર સુધી પહોંચી શકાય તેવો રસ્તો હોય જેની પહોળાઇ ઓછામાં ઓછી ૧.૨ મીટર હોય તેમજ વ્હીલચેર સરળતાથી ગોળ ફરી શકે તે માટે મતકુટિરની પાછળની જગ્યાએ ઓછામાં ઓછી ૧.૫ મીટરની જગ્યા હોય તેની ચોકસાઇ રાખવી.

- મતકુટિરના રસ્તા પર મુશ્કેલી ઉભી થાય તેવી રીતે ઇ.વી.એમ. મશીનના અથવા તો અન્ય કોઇ પણ કેબલ વાયર ના હોય તેની પણ ચોકસાઇ રાખવી.

- ચોકસાઇ રાખવી કે મતકુટિરમાં ટેબલ કે જેના પર બેલેટ યુનિટ રાખવામાં આવ્યા હોય તે પૂરતું મજબૂત હોય તેમજ તેની ઊંચાઇ ૨.૫ થી ૩ ફૂટ જેટલી જ હોય (ટેબલની ઊંચાઇ એટલી હોય કે જેથી વ્હીલચેર સરળતાથી તેની નીચે જઇ શકે અને તેટલી વધારે ઊંચી પણ ના હોય કે જેથી વ્હીલચેર પર બેઠેલ દિવ્યાંગ ઇ.વી.એમ. મશીનના બટન જોઇ જ ના શકે).

જો જરૂર જણાય તો આગળનું પાનું ખોલો....

# દિવ્યાંગ મતદારોની જાણકારી માટે મતદાનની પ્રક્રિયા વિષે માર્ગદર્શન

## પહેલો તબક્કો




તમારું ચૂંટણી કાર્ડ / ફોટો વોટર સ્લીપ તમારા પી.ઓ.-૧ (પોલિંગ ઓફિસર) ને બતાવો. તમારા ફોટો અથવા અન્ય વિગતોમાં જો કોઇ અસંગતિ હોય તો ઇલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા (ECI) દ્વારા માન્ય અન્ય કોઇ પણ દસ્તાવેજ (ઓળખ પત્ર) બતાવો. પી.ઓ.-૧ તમને તમારા નામ અને ક્રમાંક નંબર પ્રમાણે બોલાવશે.



## બીજો તબક્કો

હવે બીજા પી.ઓ.-૨ પાસે જાઓ.

- પી.ઓ.-૨ તમારા ડાબા હાથની પહેલી આંગળી પર શાહીનું નિશાન લગાવશે.
- પી.ઓ.-૨ તમારો મતદાર યાદીનો ક્રમાંક મતદાર રજીસ્ટર ( ૧૭-એ)માં નોંધશે.
- પછી તમારે મતદાર રજીસ્ટરમાં તમારી સહી કરવાની રહેશે. જો મતદાર સહી ન કરી શકતા હોય તો તે અંગુઠાનું નિશાન પણ આપી શકે છે.
- પછી પી.ઓ.-૨ તમને સહી કરેલી વોટર સ્લીપ આપશે કે જે તમારે પી.ઓ.-૩ ને આપવાની રહેશે.





## ત્રીજો તબક્કો




હવે તમારે ત્રીજા પોલિંગ ઓફિસર પી.ઓ.-૩ પાસે જવાનું છે કે જે :

(a) શાહીનું નિશાન લાગેલું છે કે નહિ તેની ચકાસણી કરવા તમારા ડાબા હાથની આંગળી તપાસશે

(b) પી.ઓ.-૨ દ્વારા તમને આપવામાં આવેલ વોટર સ્લીપ પરત લઈ લેશે


(c) કન્ટ્રોલ યુનિટ સક્રિય કરશે અને તમને મત આપવા માટે આગળ મોકલશે

## ચોથો તબક્કો



મતકુટિરની અંદર, તમારે જે ઉમેદવારને મત આપવો હોય તેના નામ અને ચૂંટણી ચિહ્નની બાજુમાં આપેલ ભૂરા રંગનું બટન દબાવવાનું છે. જો તમારે કોઇ પણ ઉમેદવારને મત આપવો ન હોય તો તમે "ઉપરમાંથી કોઇ પણ નહિ (NOTA)" નું છેલ્લું બટન દબાવી શકો છો. બટન ફક્ત એક જ વાર દબાવવું.

જયારે બટન દબાવવામાં આવશે ત્યારે ઉમેદવારના નામ અને તેના ચૂંટણી ચિહનની સામે ( અથવા જો તમે NOTA નું બટન દબાવેલુ હશે તો, તો NOTA બટનની સામે) લાલ રંગની લાઇટ થશે અને લાંબો 'બીપ'નો અવાજ આવશે જેથી તમને ખાતરી થાય અને ખબર પડે કે તમારા મત અપાઇ ગયેલ છે.





આ સિવાય EVM મશીનની સાથે VVPAT મશીન પણ જોડાયેલ હશે. VVPAT એટલે એક એવું યંત્ર જે તમારો મત યોગ્ય રીતે જ અપાયેલ છે તેની ખાતરી કરાવતું યંત્ર. VVPATમાં નાની કાચની બારી હશે જેની અંદર કાગળનો રોલ હશે. તમે જયારે EVMમાં તમારી પસંદના ઉમેદવાર અને પ્રતીક સામેનું બટન દબાવશો એટલે તરતજ VVPATની કાચની બારીમાં એક કાપલી છપાઇને આવશે જેમાં તમે કરેલા મતદાનની એટલે કે તમે કોને મત આપ્યો તેની વિગત હશે. આ કાપલી ૭ સેકન્ડ સુધી ફક્ત તમને જ દેખાશે. ૭ સેકન્ડ પછી આ કાપલી મશીનની અંદર પડી જશે, જેથી મતદાનની ગુપ્તતા જળવાઇ રહે. આ રીતે તમે ખાતરી કરી શકશો કે તમારો મત તમારી પસંદના ઉમેદવાર ને જ અપાયો છે.





હવે તમારો મત અપાઇ ગયેલ છે અને તમારે રૂમના બીજા દરવાજામાંથી મતકુટિરની બહાર નીકળી જવું.

આભાર.

# વ્હીલચેર પર આવેલ દિવ્યાંગજનને મદદ કરવાની સાચી રીત



રેમ્પ પર ચઢતી વખતે



રેમ્પ પરથી ઉતરતી વખતે

(દિવ્યાંગજનને વ્હીલચેર પર બેસાડતી વખતે ખાતરી કરો કે બ્રેક્સ 'ઓન' એટલે કે લગાવેલ છે અને સેફ્ટી બેલ્ટ્સ બાંધેલા છે.)

# દ્રષ્ટિહીન દિવ્યાંગજનને સહાય કરવા માટે જરૂરી બાબતો

- તમારું સંપૂર્ણ માર્ગદર્શન / સૂચનાઓ બોલીને આપો, જેમાં બેલેટ વિસ્તાર તરફ જવાના માર્ગદર્શન અને સુચનાઓનો પણ સમાવેશ થાય છે.
- પહેલા મતદારના હાથને સ્પર્શ કરો અને પૂછો કે શું તે તમારું માર્ગદર્શન ઇચ્છે છે!
- મતદારની ઇચ્છા હોય તો જ માર્ગદર્શન પૂરું પાડો. (મોટા ભાગે તેઓ સાથીદારનું જ માર્ગદર્શન લેવાની ઇચ્છા રાખશે).



✓



✓




✗

## દ્રષ્ટિહીન દિવ્યાંગજનને સહાય કરવાની સાચી અને ખોટી રીત

- મતદાન મથકના બધા જ કર્મચારીઓ બેલેટ યુનિટ પર લાગેલી બ્રેઈલ લિપિની પટ્ટીઓ વિષે સંપૂર્ણપણે માહિતગાર હોવા જોઇએ અને તેઓ મતદાતાઓને આ અંગેનું સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન આપવા માટે સક્ષમ હોવા જોઇએ.

- જો કે આવા વ્યક્તિઓ બરાબર જોઇ નહિ શકે કે તેમણે કઇ જગ્યાએ સહી કરવાની છે તેથી તમારે તેમની આંગળી પકડી સહી કરવાની યોગ્ય જગ્યા બતાવવી પડશે અથવા તો વચ્ચેથી કાપેલ હોય તેવા નાના કાર્ડબોર્ડનો પણ સાચી જગ્યા બતાવવા ઉપયોગ કરી શકાય.



## શ્રવણ-શક્તિને લગતી અક્ષમતા ધરાવતા દિવ્યાંગજનોને સહાય કરવા માટે જરૂરી બાબતો

- વ્યક્તિ સાથે બોલવાનું શરુ કરતા પહેલા તેનું ધ્યાન ખેંચો. તેમના ખભા પર સહજતાથી હાથ મુકો અથવા તો તેના તરફ જોઇને હાથ હલાવો.

- બોલતી વખતે વ્યક્તિના મોઢા તરફ જુઓ અને તેની સાથે આંખોનો સંપર્ક જાળવી રાખો.

- ધીમે અને સ્પષ્ટ રીતે બોલો, જેથી તે હોઠના હલન-ચલનને સમજી શકે.

- ધીરજ રાખો અને જરૂર જણાય તો બોલેલું પુનરાવર્તન કરો.

- વાર્તાલાપ માટે શારીરિક સંકેતો અને ચહેરા પરના હાવ-ભાવ તથા ઇશારાઓનો ઉપયોગ કરો.

- જે સમજાવવા/કહેવા માંગતા હોય તે સાદી અને સ્પષ્ટ ભાષામાં એક કોરા કાગળ પર લખીને આપી શકો.

- વાર્તા-લાપમાં મદદરૂપ થઈ શકે તેવા કેટલાક પાયાના સંકેતો તમને પ્રશિક્ષણ દરમ્યાન જ શીખવાડવામાં આવ્યા હશે.

- જો કે આવી વ્યક્તિ મત અપાઇ ગયો હોવાનો સંકેત આપતો - લાંબો બીપનો અવાજ - સાંભળી નહિ શકે તેથી તેમને પહેલાથી જ ચિત્રની મદદથી અથવા સાંકેતિક ભાષાથી સમજાવો કે તેમનો મત અપાઇ ગયા બાદ લાલ રંગની લાઇટ થશે તેની પર વિશેષ ધ્યાન આપે.

## શું ના કરવું

- એવું ધારી ના લેશો કે વ્યક્તિ વાંચી અને લખી શકે છે.
- ખુબ મોટેથી અથવા ઝડપથી ના બોલો.
- બોલતી વખતે મોઢામાં કંઇ જ ન રાખો તેમ જ મોઢું ઢાંકેલું ન રાખો.
- જો તમે હાથથી સંકેત આપતા હોવ તો આપના હાથમાં કઇ જ ના રાખો.
- જો દિવ્યાંગજન તરત જ સમજે નહિ તો ધીરજ રાખશો અને સમજાવવાનો પ્રયત્ન ચાલુ રાખશો.

## મહત્વની સૂચનાઓ

- આ માર્ગદર્શિકા ઉપરાંત પણ, તમને ૩ પોસ્ટર્સ આપવામાં આવ્યા છે જેમાં પી.ઓ.-૧, પી.ઓ.-૨ અને પી.ઓ.-૩ ની જવાબદારીઓ સમજાવવામાં આવી છે. આ પોસ્ટર્સ જે-તે પી.ઓ.ની જગ્યાની પાછળ ચોટાડવા.
- ઇ.વી.એમ. મશીન ચલાવવાની રીત બતાવતું ચોથું પોસ્ટર પણ તમને આપવામાં આવ્યું છે જે તમારે મતકુટિરની પાછળની દીવાલ પર ચોંટાડવું.
- જો તમને, દિવ્યાંગ મતદારોને માર્ગદર્શન આપતું, ભૂરા કલરનું સાંકેતિક ચિહ્ન બતાવતું બોર્ડ/પોસ્ટર પણ આપવામાં આવ્યું હોય તો તેને પણ યોગ્ય જગ્યાએ દેખાય તે રીતે ચોંટાડવું.

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત
ગાંધીનગર.